


ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૮.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૨૭ ટકા

# ....કે આવી પંચમી વસંતની...

## આજથી વસંત ઋતુનો પ્રારંભ : મુંડન, યજ્ઞોપવીત, ગૃહ પ્રવેશ, વાહન ખરીદી જેવા શુભ કાર્યો શુભ કર્યો માટે વણજોયું મુહૂર્ત : સરસ્વતી પૂજન સાથે બાળકોના વિદ્યાભ્યાસના શુભારંભ માટે પણ શ્રેષ્ઠ દિવસ

ગાંધીનગર, તા. ૪

વસંત ઋતુ એટલે વનરાજીની કુંજ કુંજ કળીએ કળીએ ખીલતો પ્રકૃતિનો વૈભવ અને શહેરમાં લગ્નની શરણાઈઓ પણ ગુંજે અને સાથે સાથે વિદ્યાની દેવી મા સરસ્વતીના પૂજનના શ્લોકગાન ભળે એટલે જાણે વસંતના ગણવામાં આવે છે એટલે કે આ દિવસથી વસંતઋતુની શરૂઆત થાય છે. ગાંધીનગરમાં તા.૫મી ફેબ્રુઆરી શનિવારના રોજ પણ યોજાશે. આ દિવસ બાળકોના વિદ્યાભ્યાસનો શુભારંભ કરવા માટેનો શ્રેષ્ઠ દિવસ ગણાય છે. આ દિવસે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ, રાધા ઋતુમાં સૌ કોઈ સ્વાભાવિક પ્રસન્નતા સાનુભવે છે જેના કારણે પરસ્પર પ્રણય પણ વધે છે. જીવનના ચડાવ-ઉતારને વસંત પંચમીથી પ્રકૃતિને નિહાળવાની શરૂઆત કરવી જોઈએ કેમકે વસંત વૃક્ષોનો શણગાર છે, વસંત કોયલનો મધૂરો ટહુકાર છે. તેથી ઉપરાંત મુંડન, યજ્ઞોપવીત, ગૃહ પ્રવેશ, વાહન ખરીદી જેવા શુભ કાર્યો પણ કરવામાં આવે છે. બાળકોના વિદ્યારંભ સંસ્કાર માટે

### વસંતપંચમી પૂજા મુહૂર્ત શુભ યોગ

પાંચમ તિથિ ૫ ફેબ્રુઆરીએ સવારે ૩.૪૮ કલાકે શરૂ થાય છે.
પાંચમ તિથિ ૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૩.૪૭ કલાકે પૂર્ણ થાય છે.
સાંજે ૫.૪૧ સુધી સિદ્ધ યોગ
સૂર્યોદય સમયે અમૃત સિદ્ધિ યોગ
સાંજે ૪.૯ થી રવિ યોગ
વસંતપંચમી પર શુભ ચોઘડિયામાં સરસ્વતી પૂજન
શુભ ચોઘડિયા સવારે ૮.૨૮ થી ૯.૫૦ સુધી
લાભ ચોઘડિયા બપોરે ૧.૫૭ થી ૩.૧૯ સુધી
ચલ ચોઘડિયા ૧૨.૩૫ થી ૧૩.૫૭ સુધી (સામાન્ય)
નોંધ :- રાહુકાલ સવારે ૯ થી ૧૦.૩૦ સુધી




### વસંત પંચમીએ સરસ્વતી પૂજનનો વિશેષ મહિમા

દેવી સરસ્વતીને જ્ઞાન અને વિદ્યાની દેવી તરીકે ઓળખવામાં આવે છે. તમામ દેવી-દેવતાઓ દ્વારા તેમની પૂજા કરવામાં આવે છે. વસંતપંચમીને દેવી સરસ્વતીના પ્રાગ્ટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. રામાયણ અને મહાભારતમાં પણ ભગવાન રામ અને શ્રીકૃષ્ણ દ્વારા દેવી સરસ્વતીની પૂજાનો ઉલ્લેખ છે. વસંતપંચમીના દિવસે દેવી સરસ્વતીની પૂજા કરવાથી બુદ્ધિ અને જ્ઞાનને યોગ્ય દિશા મળે છે અને જીવનમાં પ્રગતિ થાય છે.

ગાંધીનગર એટલે જાણે વૃક્ષોનો પ્રાકૃતિક છતાં "અર્બન" વસવાટ. પાટનગરમાં વસંતઋતુમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે જેમાં અહી વસતા અનેક પ્રકારના પંખીઓનો કલરવ ગુંજી ઉઠતાં સમગ્ર માહોલ વૃંદાવન સામો ચહેકી ઊઠે છે. આવી મનમોહક મૌસમમાં વસંત પંચમી આવે એટલે સાથે આગમને ઓવારણાં લેવાતા હોય તેવું ભાસે છે. આવતીકાલે વસંત પંચમીએ ત્રિવેણી યોગ સર્જાશે જેમાં સિદ્ધ, સાધ્ય અને રવિયોગનો સંગમ થશે.

વસંતપંચમી ગુજરાતી પંચાંગ મુજમ મહા સુદ પાંચમના દિવસે ઉજવાતો હિંદુ તહેવાર છે જેને વસંતઋતુનો પ્રથમ દિવસ વસંતપંચમી ઉજવાશે. આ દિવસે શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં લગ્ન ઉત્સવોના આયોજનો થયેલા જોવા મળી રહ્યા છે. વસંતપંચમીનો તહેવાર સરસ્વતી પૂજા અને શ્રી પંચમી તરીકે પણ જાણીતો છે. સાહિત્યકારોના શહેર એવા ગાંધીનગરમાં વસંત પંચમીએ શહેરના મંદિરોમાં સરસ્વતી પૂજન અને માતા સરસ્વતીને પીળા રંગનાં વસ્ત્રો અને ફૂલોથી શણગારીને ગુલાલ, ધૂપ-દીપ અને જળ અર્પણ કરીને તેમની પૂજા કરવામાં આવે છે.

વસંત ઋતુમાં સમાનતા અનુભવાય છે, આ ઋતુ દરમિયાન નથી કડકડતી ઠંડી લાગતી કે નથી પરસેવો થાય તેવો તાપ લાગતો, પ્રત્યેકને પસંદ પડી જાય એવી આ અને પાનખર સાથે સરખાવવામાં આવે છે અને વસંતઋતુની સમાનતા એજ શીખવે છે કે જીવનમાં વસંત ખીલવવી હોય તો સુખ-દુઃખ, જય-પરાજય, યશ-અપયશ વગેરેમા સમાનતા રાખવી જોઈએ. વળી, પ્રકૃતિનું સૌથી રમણીય રૂપ જોવુ હોય તો વસંત જ પ્રકૃતિપ્રેમી સમાજ પણ વસંત પંચમીનો ઉત્સવ, ઉલ્લાસ અને ઉમંગથી ઊજવે છે.

વણજોયું મુહૂર્ત એટલે વસંતપંચમી

વસંત પંચમીના દિવસે કોઈ પણ શુભ અને માંગલિક કાર્ય કરવા માટે પંચાંગ શુદ્ધિ જોવાની જરુર નથી રહેતી. આ દિવસે લગ્ન ઉપરાંત સંગીતનુ શિક્ષણ લઈ રહેલ વિદ્યાર્થી પણ આ દિવસે સરસ્વતી માતાની વિશેષ પૂજા કરે છે. આ વર્ષે પંચાંગ અનુસાર તા.૫મી ફેબ્રુઆરીએ સૂર્યોદય પહેલા સવારે ૩.૪૭ વાગ્યાથી ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ સૂર્યોદય પૂર્વ સવારે ૩.૪૬ વાગ્યા સુધી પંચમ તિથી રહેશે.

### એસ.કે. ઈંગ્લીશ મીડીયમ પ્રિ. પ્રાયમરી સ્કૂલમાં ફ્લાવર મેકિંગ કાર્યક્રમ યોજાયો



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ફ્લાવર મેકિંગ એક્ટિવિટીનો કાર્યક્રમ યોજયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને અલગ- અલગ કલર પેપર લઈને તેમાંથી ફ્લાવર કેવી રીતે બને છે. તે બાળકોને શીખવાડયું. તેમાં બાળકોને ફ્લાવર બનાવીને ખૂબજ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા વસંતપંચમી અંગે રાજ્યવ્યાપી ઑનલાઈન ક્વીઝ સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૪

ભારતીય પરંપરામાં વસંતપંચમીનું ખૂબ જ આગવું મહત્ત્વ છે. આ દિવસે વિદ્યાની દેવી મા સરસ્વતીનું પ્રાગટ્ય થયું હતું. આ દિવસને શિક્ષણ અને અન્ય નવી કલાઓની શરૂઆત માટે ખૂબ જ શુભ માનવામાં આવે છે ત્યારે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા 'વસંતપંચમીજ્ઞને ભારતીય પરિપ્રેક્ષ્યથી જાણવા અને ઉજવવા માટે રાજ્યકક્ષાની ઑનલાઈન ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. દિનાંક ૦૪ ફેબ્રુઆરીથી આ ઑનલાઈન સ્પર્ધા શરૂ થઈ છે, જે ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી ચાલુ રહેશે. યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર તથા ફેસબુક પેજ પર આ સ્પર્ધાની લિંક મૂકવામાં આવેલી છે. જેના પર જઈને કોઈ પણ વ્યક્તિ વિગતો ભરીને ઑનલાઈન સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે વસંતપંચમીને ભારતીય સંસ્કૃતિનો સૌથી પવિત્ર તહેવાર ગણાવી આ દિવસની ઉજવણીને સાર્થક કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વસંતપંચમી ક્વીઝ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકે ઑનલાઈન ક્વીઝ સબમીટ કરવાની રહેશે. બાદ આ સ્પર્ધકને તેમના રજિસ્ટર્ડ ઈમેલ એડ્રેસ પર યુનિવર્સિટી દ્વારા એક પ્રમાણપત્ર મોકલવામાં આવશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિની રાહબરીમાં તથા વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલના માર્ગદર્શનમાં આ સ્પર્ધાનું આયોજન થયું છે. યુનિવર્સિટીના જયદેવ ધાંધિયા આ સ્પર્ધાના સંયોજક તરીકે ભૂમિકા નિભાવી રહ્યા છે.


### ફેબ્રુઆરી માસની પુસ્તક પરબ રવિવારે બલરામ મંદિરે યોજાશે

ગાંધીનગર તા.૦૪

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. ફેબ્રુઆરી માસની પુસ્તક પરબ શહેરના સેક્ટર - ૧૨માં ઉમિયા મંદિર પાસે બલરામ મંદિર ખાતે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. આ પરબ સોશીયલ ડિસ્ટન્સના નિયમોની કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવાનું રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક તેમજ ૨ સામયિક વાંચવા લઈ જઇ શકશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લાં બે - ત્રણ વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા જાહેર વિનંતી કરવામાં આવી છે.

### કામધેનુ યુનિવર્સિટી અને વિજ્ઞાન ગુર્જરી દ્વારા વિજ્ઞાન પરિસંવાદ યોજાયો



ગાંધીનગર, તા. ૪

કામધેનુ યુનિવર્સિટી અને વિજ્ઞાન ગુર્જરીના સંયુક્ત ઉપક્રમે તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ "પશુપાલન અને ડેરી" વિષય પર પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય સાધવાનો હતો. આ કાર્યક્રમ કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં કુલપતિએ ગુજરાતની વિવિધ પશુ ઓલાદો, ડેરી ઉદ્યોગ અને મત્સ્યપાલન વિશે સવિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. ડી.બી. પાટીલ, સંશોધન નિયામકે ગુજરાતમાં પશુપાલનની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં આ વ્યવસાયને વ્યાવસાયિક ધોરણે અપનાવી પશુ ઉત્પાદનનો મહત્તમ ઉપયોગ કરવા વિશે માહિતી આપી હતી. તેમણે પશુપાલન અને પશુપોષણ ક્ષેત્રે વધુ સંશોધનો હાથ ધરવા સૂચવ્યું હતુ. આ કાર્યક્રમમાં એન. ડી.ડી.બી.ના ડૉ. રાજેશ ગુપ્તાએ પશુઓમાં આનુવંશિક સુધારણા અંગે માહિતી આપી હતી. ડૉ. વી.એમ. રામાણીએ ફૂડ સાયન્સમાં નેનો ટેકનોલોજીના ઉપયોગ વિશે માહિતગાર કર્યા હતા. ડૉ. કે. વી. ટાંકે મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે ટેકનોલોજી અને નવી તકો તથા એમ.પી. પરમારે ગુજરાતમાં ડેરી ઉદ્યોગનાં માળખા વિષે સવિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિજ્ઞાન ગુર્જરીના પ્રાંત સચિવ ડૉ. પ્રશાંત કુંજડીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક અને નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ જોડાયા હતા.

### વ્રજ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા વિશ્વ કેન્સર દિવસ અંગે જાગૃતિ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૪

વ્રજ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર મોટા ચિલોડા, ગાંધીનગરનાં એમ.એન.જી. અને એ.એમ.એન.ના વિદ્યાર્થીઓ ધ્વારા ૪ થી ફેબ્રુઆરી, ૨૦૨૨ વિશ્વ કેન્સર દિવસ અંગે લોકોમાં કેન્સર અંગેની જાગૃતિ લાવવા માટે "ક્લોજ ધ કેર ગેપ"ના થીમ પર રોલ પ્લે અને રેલી કરવામાં આવી હતી.

૪થી ફેબ્રુઆરી એ વલ્ડ કેન્સર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજના ભાગદોડના જમાનામાં લોકો વિવિધ રોગોના ભોગ બનતા હોય છે. ડબ્લ્યુ.એચ.ઓ.ના રીપોર્ટ પ્રમાણે વિશ્વભરમાં ૧૦ મીલીયન લોકોના મૃત્યુ માટે કેન્સર જવાબદાર છે. ભારતમાં પણ કેન્સરથી મૃત્યુનું પ્રમાણ વિશેષ છે. ગંભીર વાત એવી છે કે વિકસિત દેશોની તુલનાએ અહી કેન્સર પીડીતોનો મૃત્યુદર લગભગ બમણો છે.

ગ્લોબલ ઓક્રોલોજી રીપોર્ટ અનુસાર વર્ષ-૨૦૨૦ માટે ભારતમાં કેન્સર ધરાવતા દર્દીઓની અંદાજિત સંખ્યા ૧,૩૯૨,૧૭૯ છે અને સામાન્ય ૫ અગ્રણી સ્થાનો સ્તન, ફેફસા, મોં, સર્વિક્સ ગર્ભાશય અને જીભ છે. કેન્સરની ઘટના દરમાં વલણોએ બંને જાતિઓમાં કેન્સરના તમામ સ્થળોમાં વધારો દર્શાવ્યો હતો અને કામરૂપ શહેરી વિસ્તારોમાં તે વધુ હતો (વાર્ષિક ટકાવારી, ૩.૮ ટકા; ૬.૦૫). કેન્સર ધરાવતા મોટાભાગના દર્દીઓમાં સ્તન (૫૭.૦ ટકા), સર્વિક્સ ગર્ભાશય (૬૦.૦ ટકા), માથા અને ગરદન (૬૬.૬ ટકા), અને પેટ (૫૦.૮ ટકા) કેન્સર માટે સ્થાનિક રીતે અદ્યતન તબક્કામાં નિદાન થયું હતું, જ્યારે ફેફસાના કેન્સરમાં, દૂરના મેટાસ્ટેસિસ પુરુષો (૪૪.૦ ટકા) અને સ્ત્રીઓ (૪૭.૬ ટકા) વચ્ચે મુખ્ય હતું.

મોટા ચિલોડાના સરપંચ સ્વેતલબેન જૈમિનભાઈ પટેલ, પંચાયતના અન્ય સભ્યો, મેડીકલ ઓફિસર ડૉ. કૌશિક નાયક અને રિપોર્ટર નટુભાઈ પટેલ હાજર તથા ગામના અગ્રગણ્ય લોકો હાજર રહ્યા હતા.

કોલેજના પ્રિન્સીપાલ રીતેશ જેઠી, અધ્યાપકો તથા કોલેજ પરિવારના દ્વારા કાર્યક્રમમાં હાજર રહી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### યુવા નેતા દિવ્ય ત્રિવેદીનું આર્ટ ઓફ લિવિંગના શ્રી શ્રી રવિશંકર મહારાજે દિલ્હી ખાતે સન્માન કર્યું



ગાંધીનગર, તા. ૪

પશ્ચિમ રેલ્વેનાં સલાહકાર સદસ્ય, ભાજપનાં યુવા નેતા, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના રાજકીય સેલના અધ્યક્ષ અને હાલમાં ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ભા.જ.પ.નો જંઝાવતી પ્રચાર પ્રસાર કરતા એડવોકેટ દિવ્ય અશ્વિનભાઈ ત્રિવેદીએ તાજેતરમાં દિલ્હી ખાતે આર્ટ ઓફ લિવિંગના અધ્યક્ષ શ્રી રવિશંકર મહારાજની ચૂંટણીલક્ષી શુભેચ્છા મુલાકાત લઈ ઉત્તરપ્રદેશમાં ભા.જ.પ. તરફે પ્રચાર પ્રસાર કરવા જણાવતા તેમને શ્રી દિવ્યની વાતને અનુમોદન આપેલ તથા તેમના અનુયાયીઓને મોટી સંખ્યામાં હિન્દુ સંસ્કૃતી અને સંસ્કારનું રખેવાળી કરતી એવી એકમાત્ર ભા.જ.પ. સરકારને સમર્થન આપ્યું હતું.

### જન્મદિને વધામણી



કુશાંગ શાહ



જય પી. પટેલ



વિશ્વરાજસિંહ ઘનશ્યામસિંહ ચાવડા
મો. ૭૬૯૮૬ ૫૦૦૧૨



જયકુમાર કમલેશભાઈ પટેલ



જૂહી વિપુલ શુક્લા
એમ.બી.બી.એસ. સ્ટુડન્ટ



શોભનાબેન શર્મા
મો. ૯૬૨૪૯૧૯૧૯૭



જીયાન્સ જિતેન્દ્રકુમાર પારેખ



રાજેશકુમાર દુલેરા



કેશુભા એમ. ચાવડા
(નિવૃત્ત-એ.એસ.આઇ)

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧